
# ટ્રમ્પ બન્યા 'ક્રિપ્ટો કિંગ': ડિજિટલ કરન્સીથી કરી રૂ. 13,000 કરોડની બમ્પર કમાણી

**ટ્રમ્પની** કમાણીમાં મોટો હિસ્સો ક્રિપ્ટોકરન્સીનો છે, ક્રિપ્ટોની કમાણીએ પરંપરાગત બિઝનેસને પાછળ છોડી દીધો ઉપપ્રમુખ જેડી વેન્સ પાસે પણ બિટકોઈન હોવાનો ખુલાસો



વોશિંગ્ટન, તા. 1: યુએસ ઓફિસ ઓફ ગવર્મેન્ટ એથિક્સ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના નાણાકીય ખુલાસા (Financial Disclosure) અનુસાર, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કમાણીના સ્ત્રોતમાં એક ઐતિહાસિક બદલાવ જોવા મળ્યો છે. સત્તામાં પરત ફર્યા બાદ ટ્રમ્પની કમાણીનો સૌથી મોટો હિસ્સો હવે રિયલ એસ્ટેટ કે હોટલ બિઝનેસમાંથી નહીં, પરંતુ ક્રિપ્ટોકરન્સીમાંથી આવી રહ્યો છે. ટ્રમ્પ અને તેમના પરિવારે ક્રિપ્ટો સાહસો દ્વારા સત્તાના પ્રથમ વર્ષમાં જ $1.4 અબજ (આશરે રૂ. 13,000 કરોડથી વધુ) ની કમાણી કરી નવો રેકોર્ડ બનાવ્યો છે.

બીજી તરફ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે તેમની ડોક્યુમેન્ટ્રી 'મેલાનિયા'ના લાયસન્સિંગ કરારમાંથી 10.7 મિલિયન ડોલરની કમાણી કરી છે, આ ડોક્યુમેન્ટ્રીએ હોલીવુડના અંદાજો કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે.

આ જ દિવસે જાહેર કરાયેલા ઉપપ્રમુખ જેડી વેન્સના નાણાકીય ખુલાસામાં તેમની પાસે 250,000થી 500,000 ડોલર મૂલ્યના બિટકોઈન હોવાનું સામે આવ્યું છે.

| કમાણીનો સ્ત્રોત | ડોલરમાં આવક | અંદાજિત રૂપિયામાં આવક |
|---|---|---|
| ક્રિપ્ટો વેન્ચર્સ | $1.4+ બિલિયન | રૂ. 13,000 કરોડથી વધુ |
| ગોલ્ફ કોર્સ અને રિસોર્ટ્સ | $500+ મિલિયન | રૂ.4,700 કરોડ |
| મીડિયા સેટલમેન્ટ્સ | $80+ મિલિયન | રૂ.760 કરોડ |
| બ્રાન્ડ નેમ અને વિદેશી પ્રોપર્ટી ડિલિંગ | $52 મિલિયન | રૂ.500 કરોડ |

ક્રિપ્ટો કમાણીની અંદરની વિગત: સિંગલ વેન્ચરે મચાવી ધમાલ

વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્સ: ટ્રમ્પ અને તેમના પુત્રોની માલિકીની આ એક જ ક્રિપ્ટો કંપનીએ આશરે $800 મિલિયન (આશરે રૂ. 7,500 કરોડ) ની કમાણી કરાવી આપી છે. મીમ કોઈન્સ : ટ્રમ્પે પોતાના નામના 'ટ્રમ્પ મીમ કોઈન્સ' વેચીને પણ $635 મિલિયન (આશરે રૂ. 6,000 કરોડ) નો જંગી નફો બુક કર્યો છે. જેડી વેન્સ પાસે પણ ક્રિપ્ટો: ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સના ખુલાસામાં પણ સામે આવ્યું છે કે તેઓ પોતે $250,000 થી $500,000 ની કિંમતના બિટકોઈન ધરાવે છે. ટ્રેડિશનલ બિઝનેસ પણ તેજીમાં ટ્રમ્પના રિયલ એસ્ટેટ અને ગોલ્ફ બિઝનેસમાં કોઈ ઘટાડો થયો નથી. તેમના ગોલ્ફ કોર્સ અને રિસોર્ટ્સની કમાણીમાં ગયા વર્ષ કરતાં 15% નો વધારો નોંધાયો છે. ફ્લોરિડા સ્થિત પ્રખ્યાત 'માર-એ-લાગો' રિસોર્ટની આવક જ $50 મિલિયનથી વધીને $77 મિલિયન પર પહોંચી ગઈ છે. આ સિવાય તેમણે એપલ, માઇક્રોસોફ્ટ અને એનવીડિયા જેવી ટોચની કંપનીઓમાં પણ મોટું ઇન્વેસ્ટમેન્ટ જાળવી રાખ્યું છે. 'હિતોનો સંઘર્ષ' અને વ્હાઇટ હાઉસની સ્પષ્ટતા રાષ્ટ્રપતિ પદ પર રહીને ક્રિપ્ટોથી આટલી મોટી કમાણી કરવા બદલ વિપક્ષ અને આલોચકોએ સવાલો ઉઠાવ્યા છે, કારણ કે ટ્રમ્પ પ્રશાસને સત્તામાં આવતા જ ક્રિપ્ટો સેક્ટર પ્રત્યે નરમ વલણ અપનાવ્યું છે અને યુએસને જગતની "ક્રિપ્ટો કેપિટલ" બનાવવાની જાહેરાત કરી છે.

## ટ્રમ્પનો ક્રિપ્ટો જેકપોટ અને 'પાકિસ્તાન કનેક્શન'

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુએસ ઓફિસ ઓફ ગવર્મેન્ટ એથિક્સમાં રજૂ કરાયેલા ૯૨૭ પાનાના સત્તાવાર દસ્તાવેજોએ વોશિંગ્ટનથી લઈને નવી દિલ્હી સુધી હલચલ મચાવી દીધી છે. આ અહેવાલ દર્શાવે છે કે વર્ષ ૨૦૨૫ દરમિયાન ટ્રમ્પે કુલ $2 અબજ (આશરે રૂ. 17,000 કરોડથી વધુ)ની કમાણી કરી છે, જેમાંથી $1.4 અબજ જેટલી જંગી રકમ માત્ર ક્રિપ્ટોકરન્સી સાહસોમાંથી આવી છે. આ કમાણી તેમની વર્ષો જૂની રિયલ એસ્ટેટ ઇમારતોની આવક કરતાં પણ ઘણી વધારે છે.

**શું છે પાકિસ્તાન સાથેનું 'ક્રિપ્ટો કનેક્શન'?**

આ સમગ્ર કમાણીમાં સૌથી વિવાદાસ્પદ પાસું પાકિસ્તાન સાથે જોડાયેલું છે. પાકિસ્તાન પોતાની આર્થિક છબી સુધારવા માટે ડિજિટલ-ફાઇનાન્સ હબ બનવા પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનના નાણા મંત્રાલય અને પાકિસ્તાન વર્ચ્યુઅલ એસેટ્સ રેગ્યુલેટરી ઓથોરિટીએ ટ્રમ્પની કંપની 'WLF' સાથે કરાર (MOU) કર્યા છે. આ હેઠળ ટ્રમ્પની કંપનીના ડોલર-બેક્ડ સ્ટેબલકોઈન 'USD1' ને પાકિસ્તાનની ઓફિશિયલ પેમેન્ટ સિસ્ટમમાં જોડવામાં આવશે, જેથી અબજો ડોલરના વિદેશી નાણાંની લે-વેચ થઈ શકે.

ઇસ્લામાબાદમાં હાઈ-પ્રોફાઈલ બેઠક: આ કરારની સહી કરવાના કાર્યક્રમમાં પાકિસ્તાનના પીએમ શહબાઝ શરીફ, નાણા પ્રધાન મુહમ્મદ ઔરંગઝેબ અને પાકિસ્તાની આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પોતે હાજર રહ્યા હતા. તેમની સાથે WLF ના સીઈઓ ઝાચેરી વિટકોફ (જે ટ્રમ્પના ખાસ મિત્ર અને મિડલ ઇસ્ટના દૂત સ્ટીવ વિટકોફના પુત્ર છે) પણ સામેલ હતા. આ ડીલ સેટ કરવામાં બ્રિટિશ-પાકિસ્તાની ઉદ્યોગસાહસિક બિલાલ બિન સાકિબે મુખ્ય ભૂમિકા ભજવી છે.

**ટ્રમ્પનો પાકિસ્તાન પ્રત્યે મોટો 'યુ-ટર્ન'**

ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ (૨૦૧૭-૨૦૨૧) દરમિયાન તેમણે પાકિસ્તાન પર "જૂઠ અને કપટ"નો આરોપ લગાવીને કરોડો ડોલરની સૈન્ય સહાય રોકી દીધી હતી અને આતંકવાદીઓને આશરો આપવા બદલ ફટકાર લગાવી હતી. પરંતુ આજે ચિત્ર સાવ બદલાઈ ગયું છે. ટ્રમ્પ હવે પાકિસ્તાની નેતાઓની અને ખાસ કરીને આર્મી ચીફ અસીમ મુનીરના જોરદાર વખાણ કરી રહ્યા છે. વિશ્લેષકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું ટ્રમ્પ પરિવારના બિઝનેસ હિતોના કારણે અમેરિકાની વિદેશ નીતિ બદલાઈ રહી છે?

## શેરબજારમાં ટ્રમ્પના રોકાણનું 'સુપર ટાઇમિંગ'

**સરકારી** કોન્ટ્રાક્ટ મળતા પહેલાં જ 'ટેઝર ગન' બનાવતી કંપનીના કરોડોના શેર ખરીદ્યા! ICE ડિપોર્ટેશન ફોર્સને હથિયાર સપ્લાય કરતી કંપનીના શેર ખરીદ્યા બાદ કિંમતમાં 29%નો ઉછાળો

વોશિંગ્ટન: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ફાઇનાન્સિયલ ડિસ્ક્લોઝર (નાણાકીય ખુલાસા) માંથી વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ટ્રમ્પના બ્રોકરેજ એકાઉન્ટ્સ દ્વારા શેરબજારમાં ખૂબ જ સચોટ સમયે શેરની ખરીદી કરવામાં આવી છે. આ ખરીદીમાં એક એવી કંપનીના શેર પણ સામેલ છે જેને ટ્રમ્પ પ્રશાસનની જ ઇમિગ્રેશન ફોર્સ (ICE) તરફથી $220 મિલિયન (આશરે રૂ.1,800 કરોડથી વધુ)નો મોટો સરકારી કોન્ટ્રાક્ટ મળવા જઈ રહ્યો છે.

'ટેઝર ગન' કંપનીના શેરમાં મોટું રોકાણ

અહેવાલ અનુસાર, ટ્રમ્પના ટ્રસ્ટે ૧૦ ફેબ્રુઆરીના રોજ 'ટેઝર (સ્ટન ગન)' બનાવતી પ્રખ્યાત કંપની એક્સોન એન્ટરપ્રાઇઝમાં $1 મિલિયનથી $5 મિલિયન (આશરે રૂ. 8 થી રૂ. 40 કરોડ) વચ્ચેનું રોકાણ કર્યું હતું.

**શું છે વિવાદ?**

- ૨ અઠવાડિયા બાદ સરકારી ટેન્ડર: ટ્રમ્પના ખાતામાં શેર ખરીદાયાના બરાબર બે અઠવાડિયા પછી, અમેરિકી ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ ૧૭,૮૦૦ નવી સ્ટન ગન ખરીદવા માટેનું ટેન્ડર બહાર પાડ્યું.
- એક્સોન માટે જ ફિક્સ શરતો: સરકારી નોટિસમાં કંપનીનું નામ નથી, પરંતુ તેમાં રાખવામાં આવેલી ટેકનિકલ શરતો (જેમ કે 45 ફૂટની રેન્જ) માત્ર એક્સોનની 'Taser 10' ગન સાથે જ મેચ થાય છે. નિષ્ણાતોના મતે અન્ય કોઈ કંપની આ ટેન્ડર જીતી શકે તેમ જ નથી.
- શેરમાં ૨૯% નો ઉછાળો: ટ્રમ્પના એકાઉન્ટે જ્યારે ૧૦ ફેબ્રુઆરીએ શેર ખરીદ્યા ત્યારે ભાવ $434.45 હતો, જે 30 જૂન સુધીમાં ૨૯% વધીને $560.61 પર પહોંચી ગયો છે.

**ટેક જાયન્ટ્સ અને એમેઝોનમાં પણ 'ચતુર' રોકાણ**

ટ્રમ્પના બ્રોકરેજ એકાઉન્ટ્સે વોલ સ્ટ્રીટની દિગ્ગજ ટેક કંપનીઓમાં પણ ભારે ખરીદી કરી છે:

- મેગ્નિફિસન્ટ સેવન: ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ટ્રમ્પના ખાતામાંથી Apple, Microsoft અને Nvidia માં $5 મિલિયનથી $25 મિલિયન સુધીના બેક-ટુ-બેક રોકાણો કરવામાં આવ્યા હતા.
- એમેઝોનનો કિસ્સો: સપ્ટેમ્બરમાં જે દિવસે એમેઝોન વિરુદ્ધ ગ્રાહકોને છેતરવાનો ફેડરલ કેસ શરૂ થયો, તે જ દિવસે ટ્રમ્પના ખાતાએ તેના શેર ખરીદ્યા. તેના બરાબર બે જ દિવસ બાદ એમેઝોને ગ્રાહકોને રિફંડ આપવા માટે સેટલમેન્ટ કરી લીધું હતું.

**શું ટ્રમ્પે પોતે આ ટ્રેડિંગ કર્યું છે?**

**વ્હાઇટ હાઉસનો બચાવ**

ટ્રમ્પના ખાતાઓએ વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રણ મહિનામાં જ ૩,૬૦૦ થી વધુ સિંગલ ટ્રેડ્સ (શેરોની લે-વેચ) કર્યા છે. જોકે, આ બાબતે ટ્રમ્પ સીધા દોષિત સાબિત થતા નથી:

1. ડિસ્ક્રિશનરી એકાઉન્ટ: આ રોકાણો ચાર્લ્સ શ્વાબ અને જેપી મોર્ગન જેવી મોટી ફર્મો દ્વારા સંચાલિત થાય છે અને ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર તેના ટ્રસ્ટી છે.
2. નિયમ શું કહે છે?: બ્રોકરેજ ફર્મો પાસે જ શેર ખરીદવા અને વેચવાની અંતિમ સત્તા હોય છે. તેઓ રાષ્ટ્રપતિ કે તેમના પરિવારની ભલામણ લઈ શકતા નથી.

પેજ 3

## 'કાલા હિરણ': સલમાન ખાનની અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં 6 જુલાઈએ સુનાવણી




નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઇ): દિલ્હી હાઈકોર્ટે બુધવારે અભિનેતા સલમાન ખાનની એ અરજી પર સુનાવણી માટે 6 જુલાઈની તારીખ નિર્ધારિત કરી છે, જેમાં તેમણે ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લીગલ'ની રીલીઝ પર સ્ટે મૂકવાની માંગ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, આ ફિલ્મને તેની રિલીઝ માટે પ્રમાણપત્ર મેળવવા હજી સેન્સર બોર્ડમાં મોકલવામાં આવી નથી. ખાને ગયા મહિને હાઈકોર્ટમાં અરજી કરી હતી અને દલીલ કરી હતી કે, આ ફિલ્મ કથિત રીતે કાળિયાર શિકારના કેસ પર આધારિત છે જેમાં આ અભિનેતા કથિત રીતે સંડોવાયેલા હતા અને આ ફિલ્મ તેમના પર્સનાલિટી રાઇટ્સનું રક્ષણ કરતા હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન કરે છે.



## નેહા ધૂપિયાએ પેપરાઝી પર ભડકતા ચેતવણી આપી

મુંબઈ, તા. 1: ગોલ્ડ સ્ટ્રીમિંગ એવોર્ડ સેરેમનીમાં નેહા ધૂપિયા પેપરાઝી પર ભડકી ગઈ છે. અભિનેત્રીએ બેક શોટ લેવા અને તેને પોસ્ટ કરવા પર નારાજગી વ્યક્ત કરી અને પેપરાઝીને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી હતી.સેરેમનીમાંથી નેહા ધૂપિયા એવોર્ડ લઈને નીકળી રહી હતી. ત્યારે જ પેપરાઝીઓએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં નેહા ભડકી ગઈ હતી અને કહ્યું હતું કે, ''બોલી લીધું? કરી લીધું? આ બદતમીઝીથી બેક શોટ કોણ લે છે તમારામાંથી? કોણ લે છે? છાપે છે કોણ? ન કરો. મારું નથી કરવાનું, કોઈનું નથી કરવાનું. બોલી-બોલીને થાકી ગયા છીએ.

# બેંગલુરુના ડેકેર સેન્ટરમાં માસૂમ બાળકોને 'વોશિંગ મશીન'માં બેસાડી અપાતી ક્રૂર સજા

**આઇટી** કંપનીના કેમ્પસમાં ચાલતા ચાઇલ્ડકેર સેન્ટરમાં બાળકો પર અત્યાચાર

**વાલીઓમાં** ભારે આક્રોશ વીડિયો વાયરલ થતાં હોબાળો: માસૂમોને બાથરૂમમાં બંધ કરી નરક જેવી સજા આપનાર ડેકેર સેન્ટરને તાળાં, ૫ મહિલાઓ સામે કેસ



બેંગલુરુ, તા. 1: બેથી ત્રણ વર્ષની વચ્ચેની ઉંમરનાં માસૂમ બાળકોને ફ્રન્ટ-લોડિંગ વોશિંગ મશીનના ડ્રમમાં બેસાડવામાં આવ્યાં, શૌચાલયના જેટ સ્પ્રે વડે તેમના મોંમાં પાણી છાંટવામાં આવ્યું અને બાથરૂમમાં બંધ કરવામાં આવ્યા - બેંગલુરુના એક ડેકેર સેન્ટર (બાળ સંભાળ કેન્દ્ર)માં કથિત રીતે આ પ્રકારની અમાનવીય સજાઓ આપવામાં આવતી હતી.

કેપજેમિનીના એચએએલ કેમ્પસની અંદર કાર્યરત આ કેન્દ્રની પાંચ મહિલા કેરગિવર્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે, તેમના કર્મચારીઓ અને તેના પરિવારોની ભલાઈ તેની મુખ્ય પ્રાથમિકતા છે અને ડેકેરને કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવી રહ્યું છે. "જ્યારે નાનાં બાળકો રડતા હોય ત્યારે તેમને શાંત રાખવા માટે વોશિંગ મશીનમાં બેસાડવામાં આવતા, તેમના મોંમાં પાણી છાંટવામાં આવતું અને તેમને બાથરૂમની અંદર બંધ કરી દેવામાં આવતાં હતાં." કથિત રીતે આ દુર્વ્યવહાર દર્શાવતા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેના પગલે પોલીસ ફરિયાદ અને કર્ણાટક રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ એક અલગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઘટનાથી વાલીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે, જેમાંથી ઘણા વાલીઓ આ આઈટી કંપનીમાં કામ કરતી વખતે પોતાનાં બાળકોને ડેકેરના ભરોસે છોડતા હતા. આ આરોપોએ કોર્પોરેટ કેમ્પસની અંદર ચાલતા ચાઈલ્ડકેર સેન્ટરોની સુરક્ષા અને દેખરેખ અંગે પણ ગંભીર ચિંતાઓ ઊભી કરી છે.

## વેનેઝુએલામાં મૃત્યુ પામેલા ભારતીય નાવિકનાં બ્રેન, ફેફસાં-હૃદય કાઢી લેવાયાં

**પોસ્ટમોર્ટમમાં** શરીર પર 22 કટ મળ્યા

નવી દિલ્હી, તા. 1: વેનેઝુએલામાં ડ્યુટી દરમિયાન જીવ ગુમાવનારા ભારતીય નાવિક 33 વર્ષીય રાકેશ ચૌહાણના બોડીમાંથી મગજ, ફેફસાં, હૃદય, લીવર, કિડની સહિત કેટલાંય અંગો ગાયબ હતાં. આ આક્ષેપ ચૌહાણની ફેમિલીએ લગાવ્યો છે. ફોરવર્ડ સીમેન યુનિયન ઓફ ઇન્ડિયા (એફએસયુઆઈ)એ આ માહિતી સોશિયલ મીડિયા પોસ્ટમાં આપી છે. પીડિત પરિવારનો આક્ષેપ છે કે, લાશનું બીજી વખત પોસ્ટમોર્ટમ થયું તો શરીર પર 22 ટાંકા મળ્યા. બોડીમાંથી બરોળ, સ્વાદુપિંડ, આંતરડાં, થાઈરોઈડ ગ્લેન્ડ, ગૉલ બ્લેડર, વોઈસ બોક્સ અને શ્વાસ નળી પણ ગાયબ હતાં. રાકેશ ચૌહાણ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના રહેવાસી હતા. તેમણે નવેમ્બર 2025માં મર્ચન્ટ નેવી જોઈન કરી હતી અને વેનેઝુએલામાં મરીન ફિટર તરીકે કામ કરી રહ્યા હતા.

## રાજસ્થાનમાં ટ્રક સાથે અથડાયા બાદ બસમાં આગ લાગતાં 8નાં મોત

**છ** વ્યક્તિઓ એટલી હદે સળગી ગયા હતા કે તેમને ઓળખવા અશક્ય, ડીએનએ સેમ્પલિંગ કરાશે

જયપુર, તા. 1 (પીટીઆઈ) રાજસ્થાનના દૌસા જિલ્લામાં બુધવારે વહેલી સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક બસ ટ્રક સાથે અથડાયા બાદ બસમાં આગ લાગી જતાં આઠ લોકો જીવતા ભડથું થઈ ગયા હતા અને 24 લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત કોલવા પોલીસ સ્ટેશન વિસ્તારના ધનાવડા પાસે થયો હતો. દૌસાના એસપી પીયૂષ દીક્ષિતે જણાવ્યું હતું કે, છ લોકો જીવતા સળગી ગયા હતા જ્યારે બે લોકોના ગંભીર માથાની ઈજાના કારણે મોત થયાં હતાં. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, 24 ઘાયલ વ્યક્તિઓમાંથી 14 લોકો હાલમાં સારવાર હેઠળ છે. એસપીએ જણાવ્યું કે, "હંસ ટ્રાવેલ્સની આ બસ ઋષિકેશથી ઈન્દોર તરફ જઈ રહી હતી ત્યારે એક્સપ્રેસ વે પર તેની આગળ ચાલી રહેલી એક ટ્રક સાથે અથડાઈ હતી.

# ભારતના તેલ બજાર પર રશિયાનો દબદબો

**જૂન** મહિનામાં ક્રૂડ ઓઈલની કુલ આયાતનો 52 ટકા હિસ્સો રશિયા પાસેથી ખરીદાયો

**ઇરાક** અને સાઉદી અરેબિયાની સપ્લાયમાં ભારે ઘટાડો

નવી દિલ્હી, તા. 1: નવી દિલ્હી: જૂન મહિનામાં ભારતે ઈતિહાસમાં પ્રથમ વખત તેની કુલ ક્રૂડ ઓઈલ (કાચું તેલ) આયાતનો અડધાથી વધુ એટલે કે 52 ટકા હિસ્સો રશિયા પાસેથી ખરીદ્યો છે. ગ્લોબલ ડેટા એનાલિટિક્સ ફોર્મ 'કેપ્લર'ના અહેવાલ મુજબ, ભારતીય રિફાઈનર્સે સસ્તા રશિયન તેલની ખરીદી વધારતા જૂનમાં આયાત રેકોર્ડ 26 લાખ બેરલ પ્રતિ દિવસ પર પહોંચી ગઈ છે, જે જુલાઈ 2024ના 21 લાખ બેરલના અગાઉના રેકોર્ડ કરતાં ઘણી વધારે છે.

અમેરિકી પ્રતિબંધો છતાં ભારતીય કંપનીઓએ રશિયા પાસેથી સપ્લાય ચેઈન મજબૂત કરી છે. જૂનમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) રશિયન ક્રૂડની સૌથી મોટી ખરીદદાર રહી હતી, જેણે દૈનિક 9 લાખ બેરલથી વધુ તેલ ખરીદ્યું હતું. ત્યારબાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીએ 5 લાખ બેરલ અને નાયારા એનર્જીએ 3.45 લાખ બેરલની આયાત કરી હતી.

બીજી તરફ, ભારતના ક્યારેક સૌથી મોટા સપ્લાયર રહેલા ઈરાક પાસેથી આયાત ઘટીને માત્ર 67,000 બેરલ પ્રતિ દિવસ રહી ગઈ છે, જે જાન્યુઆરીમાં 10 લાખ બેરલ હતી. કિંમતોના વિવાદને કારણે ઈરાક પાછળ ધકેલાયું છે અને યુએઈ (UAE) 5 લાખ બેરલ સાથે ભારતનો બીજો સૌથી મોટો સપ્લાયર બન્યો છે. સાઉદી અરેબિયા મોંઘું હોવાને કારણે તેની આયાત ઘટીને 3.3 લાખ બેરલ થઈ છે.

## રશિયાએ ભારત પાસેથી પેટ્રોલ મંગાવવાનું શરૂ કર્યું

**યુક્રેનના** ડ્રોન હુમલાથી રશિયામાં પેટ્રોલની ભારે અછત

નવી દિલ્હી, તા. 1: યુક્રેનના ડ્રોન હુમલામાં ઓઇલ રિફાઇનરીઓને નુકસાન થતાં રશિયામાં ઈંધણની ભારે અછત સર્જાઈ છે. આ કટોકટીને પહોંચી વળવા માટે રશિયાએ હવે ભારત પાસેથી દરિયાઈ માર્ગે પેટ્રોલ (ગેસોલિન)ની આયાત કરવાનું શરૂ કર્યું છે, તેમ ઉદ્યોગના સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું. રશિયાના 11 ટાઇમ ઝોનમાં ઈંધણની અછત વર્તાઈ રહી છે, જેના કારણે પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી રહી છે અને કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ક્રેમલિને પણ સ્વીકાર્યું છે કે તેઓ સ્વીકાર્ય ભાવે ઈંધણ ખરીદવા અન્ય દેશો સાથે સંપર્કમાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતથી રશિયા માટે ઓછામાં ઓછું 60,000 મેટ્રિક ટન પેટ્રોલ રવાના કરવામાં આવ્યું છે. રશિયા દર મહિને પાડોશી બેલારુસ સહિત વિવિધ દેશોમાંથી કુલ 4 લાખ ટન પેટ્રોલ આયાત કરવાનું આયોજન કરી રહ્યું છે.

રશિયન સંસદે ઈંધણની આયાત પર સબસિડી આપવા માટે ટેક્સ કાયદામાં સુધારા પણ મંજૂર કર્યા છે. રસપ્રદ વાત એ છે કે, જૂન મહિનામાં ભારતે પણ રશિયા પાસેથી રેકોર્ડ 27 લાખ બેરલ પ્રતિ દિવસ કાચું તેલ ખરીદ્યું હતું, જે ભારતની કુલ આયાતના અડધાથી વધુ છે.




ઇંડિયન બૈંક Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી.
આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 07/08/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત / ઈએમડી (In Rs.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અડાજણ, સુરત | (૧) શ્રી પ્રકાશ ઉત્તેકર (કરજદાર ), (૨) શ્રીમતિ મનિષા પ્રકાશ ઉત્તેકર (સહ-કરજદાર અને મોર્ગેજર) | રૂા.૨૩,૮૬,૭૫૪.૩૨ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજની બાકી | ૨૨/૦૧/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત ફલેટ નં. સી-૧/૩૦૪, ત્રીજો માળ,''સિધ્ધચક્ર ફલેટસ્'', બિલ્ડીંગ સી-૧, સમર્થ સફાયરની બાજુમાં, ટી.પી. ૧૦ મેઈનરોડ તરફ, પાલ, અડાજણ (સુરત સીટી), જિલ્લોઃ સુરત. ફ્લેટ ના સુપર બિલ્ટપ વિસ્તારનુ માપ ૭૦.૧૪ ચો.મીટર્સ. અને બિલ્ટપ વિસ્તારનું માપ ૫૦.૫૨ ચો.મીટર્સ. જેની સાથે ૧૬.૮૬ ચો.મીટર્સ સ્થિત જમીનમાં અને ૯.૩૯ ચો.મીટર્સ. માપ ધરાવતા કોમન રોડ અને સીઓપી માં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૧૫૦ અને ૧૫૧/પૈકી, બ્લોક નં. ૧૪૫, જેનું માપ ૪૦૪૭.૦૦ ચો.મીટર્સ, ટી.પી. સ્કીમ નં. ૧૦ (પાલ), મૂળ પ્લોટ નં. ૧૬/૧, પ્લોટ નં. ૨૮ જેનું માપ ૨૯૫૩.૦૦ ચો.મીટર્સ, ગામઃ પાલ, તાલુકોઃ અડાજણ, (સુરત સીટી). જે શ્રીમતિ મનિષા પ્રકાશ ઉત્તેકર ના નામની મિલકત. (વેચાણ દસ્તાવેજ મુજબ) ચતુર્દિશાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. સી૧/૩૦૩, દક્ષિણેઃ બિલ્ડીંગ નં. સી ૨, પૂર્વેઃ માર્જીન, પશ્ચિમેઃ ફ્લેટ નં. સી૧/૩૦૧. | પ્રત્યક્ષ | 20,39,000/- / 2,03,900/- | IDIB30635515018 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૨. | અંકલેશ્વર | (૧) મેસર્સ કોમલ ઈન્ડસ્ટ્રીઝ, પ્રોપ્રા. શ્રીમતિ જસુમતી વિનોદરાય કચાડા (કરજદાર/પ્રોપ્રા. ફર્મ/ મોર્ગેજર), (૨) શ્રીમતિ જસુમતિ વિનોદરાય કચાડા (પ્રોપ્રા.) (૩) શ્રી ઉજસ વિનોદરાય કચાડા (જામીનદાર) | રૂા.૩,૦૭,૬૭,૮૬૩.૦૫ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજની બાકી | ૨૮/૦૧/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જમીન અને બિલ્ડીંગ જે સ્થિત ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૬૧૧૬-એ, જેના એરીયાનું માપ ૪૫૬૦.૦૦ ચો.મીટર્સ, રેવન્યુ સર્વે નં. ૧૪૮/પી, ૧૪૯/પી, ૧૪૩/પી, ૧૪૨/પી જે જીઆઈડીસી અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વિશાલ ઈન્ડસ્ટ્રીસ પાછળ, શીવા પિંગમેન્ટ પ્રા. એન્ડ પુન્ડસ લાઈફકેર પ્રા. પાસે, જીઆઈડીસી રોડ, મોજેઃ સારંગપુર, તાલુકોઃ અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચ. જે મિલકત મેસર્સ કોમલ ઈન્ડસ્ટ્રીઝ, મલિકઃ શ્રીમતિ જસુમતિ વિનોદરાય કચાડા ના નામની. ચતુર્દિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૬૧૧૭, દક્ષિણેઃ પ્લોટ નં. ૬૧૧૭/બી, પૂર્વેઃ ૨૦.૦૦ મીટર પહોળા રસ્તો, પશ્ચિમેઃ પ્લોટ નં. ૬૧૦૩ અને ૬૧૦૪/૬. | પ્રત્યક્ષ | 9,37,00,000/- / 93,70,000/- | IDIB30560015801 | Mr. Ashok Raja (M) 9655953474 |

બીડ વધારવાની કિંમતઃ ક્રમ નં. ૧ માટે રૂા.૧૦,૦૦૦/- અને ક્રમ નં. ૨ માટે ૯૩,૭૦૦/-

ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૦૨/૦૭/૨૦૨૬ થી ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૭/૦૮/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમિટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220, email ID:- support.baanknet@psballiance.com and other help line numbers available inservice providers help desk. For Registration status with PSB Alliance Pvt.Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms andconditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com.

તારીખઃ ૦૨/૦૭/૨૦૨૬, સ્થળઃ સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.